ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૪૨૦/૨૦૨૪, તા.૦૨/૧૨/૨૦૨૪

**વિગત :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૫/૧૧/૨૦૨૪ થી તા.૦૧/૧૨/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોય**

(૧) કુતિયાણા પો.સ્ટે. ૦૫૭૩/૨૦૨૪ B.N.S. ક.૧૩૭(૨),૮૭ એટ્રો.એક્ટ ક.૩(૨)(૫એ) તા.૨૧/૧૧/૨૦૨૪ ના કામે અપહરણ થનાર સંજુબેન D/O જીતેન્દ્રભાઇ હીગોલે ઉ.વ. ૧૫ વર્ષ, ૬ માસ, ૨૪ દિવસ હાલ રહે. રોઘડા ગામ, મેરખી રબારીની વાડીએ તા.કુતિયાણા જી.પોરબંદર રહે.મુળ જોબાપુરા ગામ તા.ગોગાવા જી.ખરગોન, રા.મધ્યમ પ્રદેશને તા.૨૩/૧૧/૨૦૨૪ ના રોજ ઉપલેટા નજીક પોરબંદર રાજકોટ હાઇવે પાસેથી કુતિયાણા પો.સ્ટે.નાં PSI કે.એન.ઠાકરીયા, HC પી.આર.ઓદેરા, PC અક્ષયસિંહ ઝાલા દ્વારા શોધી કાઢેલ છે.

(૨) કુતિયાણા પો.સ્ટે. ૦૫૮૫/૨૦૨૪ B.N.S. ક.૧૩૭(૨),૮૭ તા.૨૮/૧૧/૨૦૨૪ ના કામે અપહરણ થનાર ઉન્નતી ભીખનભાઇ સાદીયા ઉ.વ.૧૩ વર્ષ, ૦૪ માસ, ૩૦ દિવસ હાલ રહે.બાપુનાકા પાસે કુતિયાણા તા.કુતિયાણા જી.પોરબંદર મુળ રહે. અમીરપુર ગામ તા.કુતિયાણા જી.પોરબંદરને તા.૨૮/૧૧/૨૦૨૪ ના ક.૧૫/૩૦ વાગ્યાના અરશામાં કુતિયાણા પો.સ્ટે.ના HC મંજુબેન બાબુભાઇ ગોરાણીયા તથા PC અક્ષયભાઇ જગતસિંહ ઝાલા નાઓએ ઉપલેટા બસ સ્ટેશન પાસેથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલોજે ચર્ચ / ડીબેટ/અથવા તો અવરનેશ પ્રોગ્રામ ચલાવવામં આવ્યા હોય**

**કમલાબાગ પોલીસ સ્ટેશનઃ-**

તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશનની શી-ટીમના કર્મચારીઓ તથા મહિલા સુરક્ષા કેન્દ્રના કર્મચારીઓ દ્વારા છાંયા નવાપરા પ્રાથમિક શાળામા આશરે ૪૮૦ જેટલા વિદ્યાર્થીઓને ૧૮૧ ની ટીમ વિશે તથા નવા કાયદા વિશે માહીતગાર કરવામા આવેલ તથા મહિલાની સુરક્ષા લગત માહિતી આપવામા આવેલ તથા સાયબર ક્રાઇમ વિશે તથા ૧૮૧ હેલ્પલાઇન વિશે તથા ડાઇલ ૧૦૦ વિશે માહીતગાર કરવામા આવેલ.

**<u>હાર્બર મરીન પોલીસ સ્ટેશનઃ-</u>**

તા.૨૯/૧૧/૨૦૨૪ રોજ હાર્બર મરીન પો.સ્ટે.ના શી ટીમના કર્મચારીઓ દ્વારા કુછડી પે સેન્ટર સ્કુલ ખાતે વિધાર્થીઓની મુલાકાત લીધેલ જેમાં તેઓને નવા કાયદાઓ અંગે તથા શી ટીમ વીશે માહિતગાર કરેલ તથા બાળકોને રક્ષણ આપતો અધિનિયમ POCSO વિશે પણ માહિતગાર કરેલ. તેમજ મહિલા હેલ્પલાઇન 181 ની વિગતવાર માહિતી આપેલ. બાળકોને ચિલ્ડ્રન હેલ્પલાઇન નંબર 1098 વિશેનો ઉપયોગ કેમ કરવો એના વિશે પણ માહિતગાર કરેલ અને હાલમાં સાયબર ક્રાઇમ થી થતાં ફ્રોડ બાબતે માહિતી આપેલ અને તે માટેનો 1930 નંબર વિશે માહિતી આપેલ છે. તેમજ મહિલાઓની સુરક્ષા માટે પોલીસ ક્યાં ક્યાં ઉપસ્થિત છે તેમજ 24 કલાક પોલીસ એના માટે કાર્યરત help line number 181 અને 112 અને ઈમરજન્સી નંબર 100 વિશે તેમજ ટ્રાફિકના નિયમો અંગે પણ સમજ કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

**<u>કમલાબાગ પોલીસ સ્ટેશનઃ-</u>**

તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ ભાવસિંહજી હોસ્પિટલના ટીબી વોડ નંબર-૪ માં એક લેડીઝ પર્સ વોર્ડ બોય ભાવેશભાઈને મળી આવેલ જેમાં રૂપિયા ૫,૦૦૦/- રોકડા તથા ૨- સોનાની વીંટી તથા ૨ -ATM તથા અગત્યના ડોક્યુમેન્ટ હોય જેની જાણ ભાવસિંહજી હોસ્પિટલ ચોકીના ASI ડી.જે.ચાવડા તથા HC જે.એલ. મજીઠીયા ને કરતા ટેકનિકલ સોર્શનો ઉપયોગ કરી તથા ભાવસિંહજી હોસ્પિટલમાં પૂછપરછ કરી મૂળ માલિક કોમલબેન મદલાણી રહે.પોરબંદર વાળા ને શોધી કાઢી ખરાઈ કરી હોસ્પિટલ સ્ટાફ તથા આગેવાન બાબુભાઈની હાજરીમાં કોમલબેન મદલાણીને સહી સલામત પર્સ સોંપેલ છે

**<u>મહીલા પોલીસ સ્ટેશનઃ</u>**

(૧) તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા સ્કૂલ/કોલેજ /વાડી પ્લોટ/ ચોપાટી વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનો ની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.

(૨) તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડભાડ વાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૩) તા.૨૭/૧૧/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડભાડ વાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૪) તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમની કામગીરી વિષે માહીતગાર કરેલ.

(૫) તા.૨૯/૧૧/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી /શાકમાર્કેટ /ભીડભાડ વાળા વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

(૬) તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમાં ભીડભાડ વાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમાં શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપેલ.

(૭) તા.૦૧/૧૨/૨૦૨૪ ના રોજ મહીલા પોલીસ સ્ટેશન શી ટીમના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરેલ. તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

**<u>કિર્તીમંદીર પોલીસ સ્ટેશનઃ-</u>**

કિર્તીમંદીર પોલીસ સ્ટાફ દ્વારા ફેમીલી કોર્ટ પોરબંદર તરફથી સજાના આરોપી સચીન નટવરલાલ લોઢીયા રહે.કંસારા બજાર જુમ્મા મસ્જીદ પાસે પોરબંદર, અજય જીકાભાઇ મણીયાર રહે.નવો કુંભારવાડો શેરી નં.૩૧ પોરબંદર, મનોજ ધનજી કીશોર રહે.વાણીયાવાડ જાહેરશાહ પીર દર્ગાહ પાસે પોરબંદર વાળાઓને સમયસર શોધીને પોરબંદર કોર્ટ મા રજુ રખાવેલ.

**<u>હાર્બર મરીન પોલીસ સ્ટેશનઃ-</u>**

તા.૨૭/૧૧/૨૦૨૪ સુભાષનગર ખારવા સમાજ વાડી ખાતે પ્રમુખશ્રી હરીશભાઇ તથા નગરજનો સાથે બ.નં.૫૯૧, ૬૨૪ તથા એસ.આર.ડી.સભ્યો સાથે ત્રણવાત તમારી તેમજ માછીમારો જાગૃતિ અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું તથા ફીશરમેનોને કોઇ પણ પ્રકારની શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવી તથા ભારતમાં અમલમાં આવેલ નવા કાયદો, ટ્રાફીક તથા સાયબર ફ્રોડ અંગે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું, યુવાનોને એજ્યુકેશન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું

**<u>મહીલા પોલીસ સ્ટેશનઃ-</u>**

(૧) તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ દ્વારા પોરબંદરમાં આવેલ ગાયનેકલોજી સિધ્ધાર્થ હોસ્પીટલમાં જઈને ખરાય કરેલ કે ત્યાં ગેરકાયદેસર ભૃણ પરિક્ષણ ચાલતુ નથી ને જે અંગે ત્યાં તપાસ કરતા ત્યાં ગેરકાયદેસર કોઈ ભૃણ પરિક્ષણ થતુ હોય એવી કોઈ પ્રવુતિ જણાય આવેલ નહિ જેથી ત્યાં હાજર મહિલા ઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય, તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૨) તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન PSI કે.એમ. સૈયદ દ્વારા વી.જે.મદ્રેસા શાળા ખાતે સી ટીમની કામગીરી કરેલ. જેમા વિદ્યાર્થીઓને ગુડટચ બેડટચ વિશે માહિતી આપેલ. તેમજ ટ્રાફીક

અવેરનેશ અંગે માહિતી આપેલ. જેમા ૧૮ વર્ષથી નીચેની વયના લોકોએ વાહન ચલાવુ નહિ જો કોઈ ૧૮ વર્ષથી નીચેની વયના લોકો વાહન ચલાવતા ઝડપાશે તો તેના વાલી સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા, સારીરિક માનસિક દુખઃત્રાસ, જાતીય શોષણ, જેવા બનાવો બને ત્યારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા તેમજ 100/181 ની મદદ મેળવા માહિતી આપેલ. તેમજ મોબાઈલમાં અજાણી વેબસાઈટ ખોલીને તેની કોઈ લિંકમાં ઇન્વેસ્ટ માટેની લોભામણી લિંક ન ઓપન કરવા જણાવેલ આવી કોઈ લિંકનો ભોગ બનો તો ૧૯૩૦ નંબર પર ફોન કરી જાણ કરી શકો છો. સાઈબર ગુન્હાઓ માટે ૧૯૩૦ નંબર કઈ રીતે ઉપયોગી થાય તેના વશે માહીતગાર કરેલ. પોલીસ પ્રજા નો મિત્ર છે વિના સંકોચે પોલીસની મદદ મેળવી શકો છો.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર